જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૩/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૧૫/૧૪**

## જેહાદી કાવત્રામાં હૈદરાબાદના વધુ એક આરોપીની ધરપકડ

ગોધરા હત્યાકાંડ બાદ ગુજરાત રાજ્યમાં થયેલ કોમી તોફાનોમાં મુસ્લીમ કોમને થયેલ જાનમાલના નુકશાનનો બદલો લેવા માટે એકબીજાના મેળાપીપણાંમાં ભારતમાં જેહાદી આતંકવાદ ઉભો કરી ભારતને છિન્નભિન્ન કરવાના પાકિસ્તાની આઇ.એસ.આઇ.એજન્સીના નાપાક ઇરાદાઓ પાર પાડવાના ગુનાહિત કાવતરાંમાં સીધી કે આડકતરી રીતે સામેલ થઇ ભારત સરકાર સામે લડવાનું દુષ્પ્રેરણ કરી, લડાઇની કોશીશ કરી તેના માટે હથિયારો, દારુગોળો એકત્રિત કરી ગેરકાયદેસર હથિયારો ધારણ કરી, દેશદ્રોહના વિનાશક કારસ્તાન કરી, ત્રાસવાદી સંગઠનના સક્રિય સભ્યો બની તેમજ બનાવી તેના માટે આર્થિક સહયોગ ઉભો કરી, પરોક્ષ યુધ્ધને આરંભી જેના ભાગરુપે મુસ્લીમ યુવાનોને પાકિસ્તાન ખાતે જૈશ-એ-મોહંમદ તથા લશ્કર-એ-તોયબાના આતંકવાદી તાલીમ કેમ્પોમાં તાલીમ આપી તેમજ અપાવી તેમના દ્વારા ભારતદેશમાં ભાંગફોડ તથા રાજકીય આગેવાનોની હત્યા કરવાનું કાવતરું ઘડી કાઢેલું હતું.જેના ભાગરુપે મુસ્લીમ યુવાનોને તબકકાવાર આતંકવાદી તાલીમ અપાવવા સારું ગેરકાયદેસર રીતે ભારત, બાંગ્લાદેશ બોર્ડર ક્રોસ કરાવી પાકિસ્તાન ખાતે મોકલી આપી આતંકવાદી તાલીમ આપી તેમજ અપાવી પ્રોક્સીવોર આદરી રાષ્ટ્રદ્રોહનો ગુન્હો કરેલ છે.જે અનુસંધાને ડી.સી.બી.પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬/૦૩ ઇપીકો કલમ ૧૨૦બી, ૧૨૧, ૧૨૧(૧), ૧૨૨, ૧૨૩, તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(એ)(એ), ૨૭, ૨૯, તથા પોટા એક્ટ ૨૦૦૨ ની કલમ ૩(૧)એબી, ૩(૩), ૪, ૨૦, ૨૧(૨)બી, ૨૨(૩)એબી, મુજબના કામે આજદિન સુધીમાં કુલ-૫૬ આરોપીઓ પકડાયેલ અને ૪૨ આરોપીઓ વોન્ટેડ હતા. જેઓ વિરુધ્ધ સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

આ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા શ્રી એ.કે.શર્મા, સંયુક્ત પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી હિમાંશુ શુકલ, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ શ્રી એમ.ડી.ચૌધરી મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ ક્રાઇમ બ્રાન્ચની એક ટીમ દિલ્હી ખાતે મોકલી આ ગુન્હાના વોન્ટેડ આરોપી મોહંમદ અબ્દુલ કવી (ખવી) s/o મોહંમદ અબ્દુલગની મૌલાના ઉવ.૫૮ ધંધો.મદ્રેસા મૌલવી રહે.ઘર નં.૧૭-૧-૩૯૧/૨/૭૯/એ, ખ્વાજાબાગ, સઇદાબાદ, હૈદરાબાદ, આંધ્રપ્રદેશ નાઓને સી.આર.પી.સી.કલમ-૭૦ મુજબના વોરંન્ટ આધારે પો.ઇન્સ.શ્રી જે.એસ.ગેડમ નાઓએ દિલ્હી મુકામેથી લાવી અત્રે રજુ કરતાં આજરોજ તા.૨૪.૩.૨૦૧૪ ના કલાક ૧૪/૩૦ વાગે શ્રી એમ.ડી.ચૌધરી, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અટક કરી, કાયદેસર કાર્યવાહી કરી, આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**ક્રાઇમ બ્રાન્ચ**

પો.ઇન્સ.શ્રી બી.પી. રોજીયા સાહેબના સ્કોડનાં હેડ કોન્સ હિતેન્દ્રસિંહ હિમતસિંહ તથા સ્ટાફનાં માણસો સાથે ઝોન-૬ વિસ્તારમાં કોમ્બીગ નાઇટ રાઉન્ડ દરમ્યાન મળેલ હકિકત આધારે ડી.સી.બી. પોલીસ સ્ટેસન સ્ટે.ડા. એન્ટી.નં.૦૨/૨૦૧૪ તા.૨૩/૦૩/૨૦૧૪ સી.આર.પી.સી. ક્લમ:-૪૧(૧) ડી મુજબનાં કામનાં આરોપી મોહસીનખાન ઉર્ફે રાજા S/O દિલાવરખાન જાતે પઠાણ ઉ.વ.૨૧ રહે, ઘર નં.૧૩૩૫, મુડા દરવાજા ચંપામીલની ચાલી, અહલેહદીશ મસ્જીદની બાજુમાં ફીરોજ મંજીલ જમાલપુર અમદાવાદ શહેર નાને તા.૨૩/૦૩/૨૦૧૪ ના કલાક ૧/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. અને સદરી આરોપી ઇસમની પુછપરછ કરતાં આજથી આઠેક દિવસ પહેલા જમાલપુર ખાતે આવેલ ન્યુ નુરે એહમદી હોટલનાં કાઉન્ટર ઉપર નોકીયા કંપનીના મોબાઇલ ફોનની ચોરી કરેલાનું જણાવતાં સદરી પાસેથી નોકીયા કંપનીનો મો.ફોન કિ.રૂ.૧૦૦૦/- ના મતાનો મુદામાલ કબજે કરી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન નાં I ગુ.ર.નં. ૨૩/૨૦૧૪ ઇ.પી.કો. કલમ:-૩૭૯ મુજબ તથા ગુન્હાઓ શોધી કાઢવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.